**વિભાગના અધિકારીશ્રીઓ / કર્મચારીઓને તાલીમ અંગેના ખર્ચને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે મૂડી ખર્ચ હેઠળ વહીવટી મંજુરી મેળવવા બાબત.**

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંકઃ મકમ-૧૦૨૦૧૩-૧૩૦-ક,
**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નો વિભાગ,**
સચિવાલય, ગાંધીનગર.
તા.૮-૪-૨૦૧૯.

**ઠ રા વઃ-**

અન્ન નાગરિક પુરવઠો અને ગ્રા.બા.નો વિભાગની વર્ષ:૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાંમહેસુલી સદર હેઠળની નીચે મુજબ ચાલુ બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦ ના વર્ષમાં બજેટમાં સમાવેશ થયેલ આ બાબતો અંગે ખર્ચ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે અને નીચે દર્શાવેલ સદરે ખર્ચ કરવાનો રહેશે.

| ક્રમ | બજેટ સદર | સને ૨૦૧૯-૨૦ ની જોગવાઇ (રૂ.લાખમાં) |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | માંગણી ક્રમાંકઃ૨૧-૩૪૫૧-૦૦-૮૦૦-૦૨-તાલીમ અંગેનું ખર્ચ. | ૧.૦૦ |

**આ વહીવટી મંજુરી નીચે મુજબની શરતો આધિન રહીને આપવામાં આવે છે.**

**શ ર તોઃ-**

(૧) આ યોજનાનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૧૯ થી કરવાનો રહેશે.

(૨) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ, જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે, પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ, રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથીકરવાનો રહેશે.

(૫) આ મંજુરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.તેમજ યોજના માટેના નિયત લક્ષ્યાંકો અંદાજપત્રીય જોગવાઇની મર્યાદામાં પુર્ણ કરવાના રહેશે.

(૮) પ્રવર્તમાન યોજનાના નિયમ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ વહીવટી મંજુરી અન્વયે ઉપર પત્રકમાં ક્રમ-૨ માં દર્શાવેલ બજેટ સદર હેઠળ અને વર્ષ ૨૦૧૯-૨૦૨૦ ની મંજુર કરેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ફાઈલ ક્રમાંક પર નાણા સલાહકારશ્રીની તા.૧-૪-૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(કિશોરકુમાર એસ.રાણા)**
ઉપ સચિવ,
અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગ,
ગુજરાત સરકાર.

નકલ રવાનાઃ-
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
રોકડ શાખા(૨-નકલ), અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટ / અમદાવાદ.
નાણા સલાહકારશ્રી(અ.ના.પુ.),બ્લોક નં.૫, ત્રીજો માળ,સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, બ્લોક નં.૪, પાંચમો માળ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સીસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સિલેકટ ફાઇલ.